# ૧૦૯૧ મહિલા હેલ્પ લાઇનની પ્રશંશનીય કામગીરી

તારીખ 17/2/2015 ના રોજ પોલીસ હાર્ટ 1091 મહિલા હેલ્પ લાઇન ઉપર બે બાળકોએ ફોન કરેલ અને તેઓએ રડતા રડતા જણાવેલ કે મારી મમ્મીએ મને માર મારેલ છે.અને તે અમને અવાર નવાર મારે છે.જેથી તેની સાથે પૂછ પરછ કરતા જણાવેલ કે તેની ઉમર 12 વર્ષ છે .અત્યારે હું મારા ઘરે છું. તો મદદ કરશો જેથી પોલીસ હાર્ટ 1091 મહિલા હેલ્પ લાઇનની ટીમે આ બાબતની ગંભીરતાને સમજતા સમયસુચકતા વાપરીને તાત્કાલિક બાપુનગર પોલીસ વાન સ્થળ પર મોકલી તપાસ કરતાં બાળકોએ જણાવેલ કે અમારી મમ્મી અત્યારે નોકરી પર ગયેલ છે .અને પોતે પોતાના ઘરે એકલા હતા એટલે 1091 મહિલા હેલ્પ લાઇન પર ફોન કર્યો હતો. જેથી બાળકોના મમ્મી પાસે જઈ આ બાબત માં પૂછ પરછ કરતા તેઓએ જણાવેલ કે હું નોકરી કરું છું અને ભાડે રહું છું અને મારા બે નાના બાળક છે તેઓ ની જવાબદારી મારા પર છે.અને કામકાજ ના બોજે ઘણી વખત બાળકો પર ગુસ્સે થઈ જાઉ છું.અને આજે હુ વધારે ગુસ્સે થઈ જવાથી બાળકોએ 1091 મહિલા હેલ્પ લાઇન પર ફોન કર્યો હશે.અને મને નહતી ખબર કે મારા બાળક 1091 મહિલા હેલ્પ લાઇન માં ફોન કરી દેશે.અને પછી પોલીસે તેમને સમજાવ્યા હતા કે બાળકો ને મારવા ગુનો બને છે તેથી તેમને પ્રેમ થી સમજાવો નહીતર અત્યારના બાળકો હોશિયાર હોય છે.તેઓ ગમે ત્યારે પોલીસ ને જાણ કરી શકે છે.અને તેમના મમ્મી એ કહ્યું કે હવે ક્યારે પણ બાળકો પર ગુસ્સે નહિ થાઉં અને બાળકોને પ્રેમ થી સમજાવીશ તેવી મૌખિક બાહેધરી આપેલ હતી.આમ બાળકોને 1091 મહિલા હેલ્પલાઈન પરથી મદદ પહોચાડેલ છે.